# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૦૮/૦૬/૨૦૨૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૪૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૮૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૮૦૨/૨૦૨૬**

**વેજલપુરઃ** મોનોમોહીત માનબેન્દ્ર ચેટર્જી (ઉ.વ.૩૩) (રહે. ગામ–કાગ્રામ તા–સલાર જી–મુરસીદાબાદ રાજ્ય–વેસ્ટ બંગાલ) એ તા.૦૭/૦૬/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે સ્માર્ટ સ્વીફ્ટ લોઝીસ્ટીક સોલ્યુસન (પોર્ટર) પ્રાઇવેટ લીમીટેડ કંપનીની પશ્ચીમની અમદાવાદ સેટેલાઇટ પ્રેરણાતીર્થ દેરાસર રોડ સચેત–૦૪ ઓફિસ નં–૩૦૪/૩૦૬ ની બ્રાન્ચમાં ડિલીવરી બોય તરીકે નોકરી કરતા રીઝવાનખાન અસલમખાન (રહે. ગણેશનગર પીપળજ પીરાણા રોડ નારોલ) નાઓએ તા.૦૩/૦૬/૨૦૨૬ બપોરના ૦૧/૩૫ થી કલાક ૦૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોર્ટલમા ઓર્ડર નોંધાવનાર ગ્રાહક નાઓનો એપલ કંપનીનો આઈફોન–૧૫ કિમત રૂપિયા ૩૭,૦૦૦/– ઓર્ડર પ્રમાણે આપેલ સરનામા ખાતે ડીલીવરી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.સરવૈયા ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઈ ગયોઃ–** **સમાચાર યાદી નં.૮૦૩/૨૦૨૬**

**પાલડીઃ** રાહુલભાઇ હેમરાજભાઇ મકવાણા (ઉ.વ.૩૩) (રહે.સંત ઉગમ સોસાયટી બળદેવનગર સામે જીવરાજપાર્ક વાસણા) તા.૦૫/૦૬/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પાલડી ભઠ્ઠા પાસે ફેશન હાઉસ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ રાહુલભાઈ મકવાણાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦ /– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રાહુલભાઇ મકવાણા એ તા.૦૭/૦૬/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ ભુરાભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** દક્ષાબહેન મુકેશકુમાર નાડીયા (ઉ.વ.૪૬) (રહે. ચામુંડાનગર વિભાગ–૦૧ મધુવન સોસાયટી–૦૨ પાછળ, લીમડા બસ સ્ટેન્ડ ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૦૭/૦૬/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**નારોલઃ** ચેતન રમેશભાઇ આયર (ઉ.વ.૨૯) (રહે. વસંતવિહાર સોસાયટી રાધીકા ફ્લેટની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે નારોલ ભાગવત ગ્રીનના "આઇ" બ્લોકના પાંચમા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

**નરોડાઃ** ઝીલ ડો/ઓ શૈલેષભાઇ વાઘેલા (ઉ.વ.૧૯) (રહે. હેવન હાઇટસ સદગુરૂ સર્કલ પાસે સાઉથ ઇન્ટરનેશનલ સ્કુલ પાસે હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૬ સવારના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.કુપાવત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી